# કલમ–૪ (૧) (બી) (૪)

## પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો/નિયમો/સુચના

## –:: સુચના(ડાઈવીંગપુલ(અડાજણ) સિવાય અન્ય તરણકુંડો માટે) ::–

૧. ઓનલાઈન મારફતે SMC ની વેબસાઈટ **"www. suratmunicipal.gov.in"** પર જઈ નવા પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરી જાન્યુઆરી–એપ્રિલ–જુલાઈ અને ઓકટોબર માસની ૧ થી ૭ તારીખ સુધીમાં પ્રવેશ–ફી ભરી પ્રવેશ મેળવી શકશે. (ઓનલાઈન પ્રવેશ–ફી ભરયાં પછી જ તમારો પ્રવેશ કન્ફર્મ ગણવામાં આવશે.)(ડાઈવીંગપુલ સિવાય)

૨. ઓનલાઈન મારફતે નવા પ્રવેશનાં રજીસ્ટ્રેશન દરમ્યાન પાસપોર્ટ સાઈઝના ફોટા, આધાર–કાર્ડ ની ઝેરોક્ષની નકલ(બંને બાજુ એક જ પાનાં ઉપર લઈ પોતાની સહી કરવી), કોરા સફેદ પાનાં પર પોતાની સહીનો નમૂનો(૧૬ વર્ષથી નાની ઉંમરાના સભ્ય માટે જવાબદાર વાલી/ગાર્ડિયન ની સહીનો નમૂનો) તથા મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ (૫૦ વર્ષ થી નાની ઉંમરના સભ્યોએ એમ.બી.બી.એસ. અથવા એમ.ડી. ડોકટર તથા ૫૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના સભ્યોએ ફરજીયાત એમ.ડી ડોકટર ના સહી–સિકકા રજીસ્ટર નંબર સહિત) સ્કેન કરી અપલોડ કરવાનાં રહેશે.

૩. નવા પ્રવેશ મેળવેલ સભ્યોએ નવા આઈડેન્ટીટી કાર્ડ જે–તે તરણકુંડની ઓફિસનો સંપર્ક કરી ઓનલાઈન મારફતે જનરેટ થતી રિસિપ્ટ, ૦૧(એક) નંગ પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા મૂળ(ઓરીજનલ) મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ જમા કરાવી મેળવી લેવાનો રહેશે.

૪. દરેક રેગ્યુલર સભ્યોએ દર ૦૨(બે) વર્ષ બાદ રીન્યુઅલ સમયે ઓનલાઈન જનરેટ થયેલ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટમાં ડોકટરનાં સહી–સિકકા કરાવી જમા કરાવાનું રહેશે.

૫. દરેક રેગ્યુલર સભ્યોએ અંતિમ ચાલુ માસની તારીખ ૨૨ થી ૨૮ માં રીન્યુઅલ ફી ભરી જવી. (આ તારીખમાં રીન્યુઅલ ન કરી શકનાર રેગ્યુલર સભ્યોએ પછીનાં માસની તારીખ ૧ થી ૫ સુધીમાં રીન્યુઅલ પ્રવેશ કરી શકશે.)

૬. રીન્યુઅલ પ્રવેશ ન કરી શકેલ સભ્યોએ (એક માસથી વધુ સમયાંતર વાળા સભ્યો માટે) તેઓના જુના આઈડેન્ટીટી કાર્ડ તેમજ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ(ઓનલાઈન અપલોડ કરી) સાથે ઓનલાઈન/ઓફલાઈન માધ્યમ મારફતે દરેક માસની તારીખ ૧ થી ૫ માં રીન્યુઅલ પ્રવેશ આપવામાં આવશે. પરંતુ નિયત માસિક સમય ધોરણો ની વચ્ચેનાં માસમાં રીન્યુઅલ કરવાથી સ્લેબનાં ગુમાવેલ આગળનાં માસની ફી મજરે લેવાનો લાભ મળવા પાત્ર રહેશે નહીં.

૭. ૫ થી ૧૦ વર્ષ સુધીના વયના બાળકોને બાળ તરણકુંડમાં પ્રવેશ આપવામાં આવશે. તેમજ નાના બાળકોને લઈ આવનાર માતા/પિતા વાલીઓ તરણકુંડ ની અંદર ડેક એરીયામાં પ્રવેશ કરી શકશે નહિ. તેઓ તરણકુંડના કમ્પાઉન્ડમાં રહી શકશે.

૮. ૧૦ વર્ષ થી વધુ વયના સભ્યોને મોટા તરણકુંડમાં પ્રવેશ આપવામાં આવશે.(બાળ તરણકુંડ સિવાયના)

૯. દર શનિવારે બપોર બાદ અને દર રવિવારે તેમજ જાહેર તહેવારના દિવસે સ્વીમીંગપુલો બંધ રહેશે.

૧૦. માર્ચથી ઓકટોમ્બર સુધી સવારના ૬:૧૫ કલાકે તથા નવેમ્બર થી ફ્રેબુઆરી સુધી સવારના ૭:૦૦ કલાકે પ્રથમ બેચ શરૂ થશે.

૧૧. માર્ચ થી ફ્રેબુઆરી સુધી પાલ તરણકુંડ ખાતે મહિલા બેચનો સમય સવારે ૧૦:૧૫ કલાક થી ૧૧:૦૫ કલાક સુધીનો રહેશે.

૧૨. નવેમ્બર થી ફ્રેબુઆરી સુધી તરણકુંડ ખાતે દર શનિવારે મહિલા બેચનો સમય સવારે ૧૧:૧૫ કલાક થી ૧૨:૦૫ કલાક સુધીનો (શીખાઉ + રેગ્યુલર સભ્યો) રહેશે. (વનિતા વિશ્રામ( મહિલા) તરણકુંડ/પાલ તરણકુંડ સિવાય).

૧૩. માર્ચથી ઓકટોમ્બર સુધી બાળ તરણકુંડ ખાતે બેચનો સમય સવારે ૯:૧૫ કલાક થી ૧૦:૦૫ કલાક સુધીનો (શીખાઉ) તથા સાંજે ૫:૩૦ કલાક થી ૬:૨૦ કલાક સુધીનો શીખાઉ રહેશે. નવેમ્બર થી ફ્રેબુઆરી બાળ તરણકુંડ ખાતે બેચનો સમય સવારે ૧૦:૦૦કલાક થી ૧૦:૫૦ કલાક સુધીનો (શીખાઉ + તરવૈયા) તથા સાંજે ૫:૦૦ થી ૫:૫૦ કલાક સુધી( શીખાઉ + તરવૈયા)નો રહેશે.

૧૪. ડાઈવીંગપુલમાં ૧૫ વર્ષ થી ૬૦ વર્ષની વયના ફકત અનુભવી તરવૈયા જેઓએ ૧૦૦ મીટર લંબાઈમાં સળંગ તરણ પૂર્ણ કરેલ તથા સ્વીમીંગપુલની મધ્યે સતત ૧૦ મીનીટ સાયકલીંગ પૂર્ણ કરેલ હોય તેવા તરવૈયાઓને જ પ્રવેશ આપવામાં આવશે. (ડાઈવીંગ પુલની અંદર ઈન્સ્ટ્રકટરની ગેરહાજરીમાં ડાઈવીંગ તથા સ્વીમીંગ (તરણકળા) કરવી નહિ.)

૧૫. દરેક સભ્યોને આપવામાં આવેલ આઈડેન્ટીટી કાર્ડ દરરોજ ફરજીયાત લાવવાના રહેશે અને આઈડેન્ટીટી કાર્ડ ઉપર જે બેચ સુચવવામાં આવ્યા હશે તે જ બેચમાં આવવાનું રહેશે. આઈડેન્ટીટી કાર્ડ વગર સ્વીમીંગપુલમાં પ્રવેશ મળશે નહીં.

૧૬. સ્વીમીંગપુલની અંદર સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરની ગેરહાજરીમાં સ્વીમીંગ કરવું નહીં. સ્વીમીગપુલના સભ્યોએ ફરજ ઉપરના કર્મચારીઓ સાથે સભ્યતાથી વર્તવું.

૧૭. દરેક સભ્યોએ સ્વીમીંગ કોસ્યુમ(સફેદ કોસ્યુમ સિવાય) પહેરવું ફરજીયાત છે.સ્વીમીંગ કરતા પહેલા અને સ્વીમીંગ કર્યા પછી શાવર અચુક લેવાનો રહેશે અને શાવર દરમ્યાન સાબુ / શેમ્પુનો ઉપયોગ કરવો નહી. સ્વીમીંગપુલની અંદર તથા બહારના ભાગમાં ગંદકી કરવી નહિ કે ધુમ્રપાન કરવું નહીં તથા પાન/માવા /ગુટખા ખાવા નહિ.

૧૮. કોઈપણ સભ્યની અગત્યની ચીજ વસ્તુ ગુમ થાય કે ચોરાઈ જાય તો તેની જવાબદારી ફરજ પરના કર્મચારીઓ તથા સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

૧૯. સ્વીમીગપુલની જાળવણી કરવી અને તેના યથાયોગ્ય ઉપયોગ કરવાની દરેક સભ્યની ફરજ છે. જો કોઈ સભ્ય સ્વીમીગપુલની મિલકતને નુકશાન કરતા જણાશે તો તેનુ સભ્યપદ રદ કરવામાં આવશે. તેમજ આજીવન સુધી તેને સભ્યપદ આપવામાં આવશે નહી.

૨૦. કોઈપણ સભ્યની ફરીયાદ ચીફ ઈન્સ્ટ્રકટરને લેખિતમાં કરવાની રહેશે.

૨૧. જે સ્વીમીંગપુલોમાં ડાઈવીંગ પ્લેટફોર્મ ત્યાં બેચ સમય પુર્ણ થવાના ૧૫ મીનીટ પહેલા જ ડાઈવીંગ પર થી ડાઈવીંગ કરવા દેવામાં આવશે. કોઈ પણ સભ્યોએ ડાઈવીંગ કરવા માટે સ્ટાર્ટીંગ બ્લોકનો ઉપયોગ કરવો નહિ.

૨૨. સભ્યોએ ફરજીયાત ટ્રાયલ આપીને બેચ બદલાવાનો રહેશે. (જે સંખ્યાને આધીન રહેશે.)

૨૩. રેગ્યુલર તરવૈયાઓની સાથે આવનાર (ગેસ્ટ તરીકે) કુશળ તરણકળા કરનાર ને જ ગેસ્ટ તરીકે પ્રવેશ આપવામાં આવશે. (ગેસ્ટ તરીકે આવનારની ગેસ્ટની સંપૂર્ણ જવાબદારી તેઓને લઈ આવનાર રેગ્યુલર તરવૈયાની રહેશે.)

૨૪. રાજય/રાષ્ટ્રીય/આંતરાષ્ટ્રીય કક્ષાએ રમેલા તરણ ક્ષેત્રના ખેલાડીઓ માટે વય–મર્યાદા લાગુ રહેશે નહીં. (તરણનું પ્રમાણપત્ર રજુ કરવું.)

## –:: સુચના(ડાઈવીંગપુલ(અડાજણ) માટે) ::–

૧. ઓનલાઈન મારફતે SMC ની વેબસાઈટ **"www.suratmunicipal.gov.in"** પર જઈ ડાઈવીંગપુલનાં નવા પ્રવેશ માટેનાં પ્રવેશ–ફોર્મ(સુચના પાછળની બાજુએ) પ્રિન્ટ કાઢી આધાર–કાર્ડ ની ઝેરોક્ષની નકલ(બંને બાજુ એક જ પાનાં ઉપર લઈ પોતાની સહી કરવી) અને મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ પર(૫૦ વર્ષ થી નાની ઉંમરના સભ્યોએ એમ.બી.બી.એસ. અથવા એમ.ડી. ડોકટર તથા ૫૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના સભ્યોએ ફરજીયાત એમ.ડી ડોકટર) ના સહી–સિકકા રજીસ્ટર નંબર સહિત કરાવી ડાઈવીંગપુલનાં ઈન્ચાર્જ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરનો સંપર્ક કરવો અને જાન્યુઆરી–એપ્રિલ–જુલાઈ અને ઓકટોબર માસની ૧ થી ૭ તારીખ સુધીમાં ઓનલાઈન/ઓફલાઈન પ્રવેશ–ફી ભરી પ્રવેશ મેળવી શકાશે.
(પ્રવેશ–ફી ભર્યા પછી જ તમારો પ્રવેશ કન્ફર્મ ગણવામાં આવશે.)

૨. ડાઈવીંગપુલમાં ૧૫ વર્ષ થી ૬૦ વર્ષની વયના ફકત અનુભવી તરવૈયા જેઓએ ૧૦૦ મીટર લંબાઈમાં સળંગ તરણ પૂર્ણ કરેલ તથા સ્વીમીંગપુલની મધ્યે સતત ૧૦ મીનીટ સાયકલીંગ પૂર્ણ કરેલ હોય તેવા તરવૈયાઓને જ પ્રવેશ આપવામાં આવશે.
(ડાઈવીંગ પુલની અંદર ઈન્સ્ટ્રકટરની ગેરહાજરીમાં ડાઈવીંગ તથા સ્વીમીંગ (તરણકળા) કરવી નહિ.)

૩. દરેક રેગ્યુલર સભ્યોએ દર ૦૨(બે) વર્ષ બાદ રીન્યુઅલ સમયે ઓનલાઈન જનરેટ થયેલ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટમાં ડોકટરનાં સહી–સિકકા કરાવી જમા કરવાનું રહેશે.

૪. દરેક રેગ્યુલર સભ્યોએ અંતિમ ચાલુ માસની તારીખ ૨૨ થી ૨૮ માં ઓનલાઈન મારફતે રીન્યુઅલ ફી ભરવાની રહેશે.
(આ તારીખમાં રીન્યુઅલ ન કરી શકનાર રેગ્યુલર સભ્યોએ પછીનાં માસની તારીખ ૧ થી ૫ સુધીમાં રીન્યુઅલ પ્રવેશ કરી શકશે.)

૫. રીન્યુઅલ પ્રવેશ ન કરી શકેલ સભ્યોએ (એક માસથી વધુ સમયાંતર વાળા સભ્યો માટે) તેઓના જુના આઈડેન્ટીટી કાર્ડ તેમજ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ(ઓનલાઈન અપલોડ કરી) સાથે ઓનલાઈન/ઓફલાઈન માધ્યમ મારફતે દરેક માસની તારીખ ૧ થી ૫ માં રીન્યુઅલ પ્રવેશ આપવામાં આવશે. પરંતુ નિયત માસિક સમય ધોરણો ની વચ્ચેનાં માસમાં રીન્યુઅલ કરવાથી સ્લેબનાં ગુમાવેલ આગળનાં માસની ફી મજરે લેવાનો લાભ મળવા પાત્ર રહેશે નહીં.

૬. દર શનિવારે બપોર બાદ અને દર રવિવારે તેમજ જાહેર તહેવારના દિવસે સ્વીમીંગપુલો બંધ રહેશે.

૭. માર્ચથી ઓકટોમ્બર સુધી સવારના ૬:૧૫ કલાકે તથા નવેમ્બર થી ફેબ્રુઆરી સુધી સવારના ૭:૦૦ કલાકે પ્રથમ બેચ શરૂ થશે.

૮. દરેક સભ્યોને આપવામાં આવેલ આઈડેન્ટીટી કાર્ડ દરરોજ ફરજીયાત લાવવાના રહેશે અને આઈડેન્ટીટી કાર્ડ ઉપર જે બેચ સુચવવામાં આવ્યા હશે તે જ બેચમાં આવવાનું રહેશે. આઈડેન્ટીટી કાર્ડ વગર સ્વીમીંગપુલમાં પ્રવેશ મળશે નહીં.

૯. સ્વીમીગપુલના સભ્યોએ ફરજ ઉપરના કર્મચારીઓ સાથે સભ્યતાથી વર્તવું.

૧૦. ડાઈવીંગપુલમાં ડાઈવીંગ પ્લેટફોર્મનો ઉપયોગ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરની પરવાનગી વગર કરવો નહીં.

૧૧. દરેક સભ્યોએ સ્વીમીંગ કોસ્યુમ(સફેદ કોસ્યુમ સિવાય) પહેરવું ફરજીયાત છે.સ્વીમીંગ કરતા પહેલા અને સ્વીમીંગ કર્યા પછી શાવર અચુક લેવાનો રહેશે અને શાવર દરમ્યાન સાબુ / શેમ્પુનો ઉપયોગ કરવો નહી. સ્વીમીંગપુલની અંદર તથા બહારના ભાગમાં ગંદકી કરવી નહિ કે ધુમ્રપાન કરવું નહીં તથા પાન/માવા /ગુટખા ખાવા નહિ.

૧૨. કોઈપણ સભ્યની અગત્યની ચીજ વસ્તુ ગુમ થાય કે ચોરાઈ જાય તો તેની જવાબદારી ફરજ પરના કર્મચારીઓ તથા સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

૧૩. સ્વીમીગપુલની જાળવણી કરવી અને તેના યથાયોગ્ય ઉપયોગ કરવાની દરેક સભ્યની ફરજ છે. જો કોઈ સભ્ય સ્વીમીગપુલની મિલકતને નુકશાન કરતા જણાશે તો તેનુ સભ્યપદ રદ કરવામાં આવશે. તેમજ આજીવન સુધી તેને સભ્યપદ આપવામાં આવશે નહી.

૧૪. કોઈપણ સભ્યની ફરીયાદ ચીફ ઈન્સ્ટ્રકટરને લેખિતમાં કરવાની રહેશે.

૧૫. જે સ્વીમીંગપુલોમાં ડાઈવીંગ પ્લેટફોર્મ છે ત્યાં બેચ સમય પુર્ણ થવાના ૧૫ મીનીટ પહેલા જ ડાઈવીંગ પર થી ડાઈવીંગ કરવા દેવામાં આવશે.

૧૬. સભ્યોએ ફરજીયાત ટ્રાયલ આપીને બેચ બદલાવાનો રહેશે. (જે સંખ્યાને આધીન રહેશે.)

૧૭. રાજય/રાષ્ટ્રીય/આંતરાષ્ટ્રીય કક્ષાએ રમેલા ડાઈવીંગ ક્ષેત્રના ખેલાડીઓ માટે વય–મર્યાદા લાગુ રહેશે નહીં.
(તરણનું પ્રમાણપત્ર રજુ કરવું.)